આંક –93

| | | |
|---|---|---|
| સેશન્સ કેસ નંબરઃ– 65/2022 | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૧૩ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | કિરણબેન બળવંતજી ઠાકોર | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | – |
| ઉંમર આશરે | ૧૯ | વરસની | ધંધો | ઘરકામ |
| રહેવાનુ | રાણપુર તા. ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું છ ધોરણ સુધી ભણેલી છું. મારે બે મામા છે, જેમાં એકનું નામ પોપટજી હરચંદજી, કનુજી હરચંદજી વાઘેલા છે.

(૨) બનાવ તા.૩૦/૭/૨૨ના રોજ સાંજે સાડા આઠ વાગે બનેલો. બનાવ સમયે હું મારા ગામ રાણપુર આવેલ રહેઠાણના મકાને હાજર હતી. બનાવ સમયે હું જમતી હતી તે સમયે રણજીત નાનુજીનો પોપટ મામા ઉપર ફોન આવેલો અને તે સમયે પોપટ મામા મારા ઘરે જ હતા. પહેલો ફોન પોપટ મામાએ ઉપાડેલો નહી પછી બીજો ફોન પાંચ મીનીટ પછી આવેલો તે સમયે પોપટ મામાએ આ રણજીતને કહેલ કે તુ ત્યાંજ ઉભો રે જે હું આવુ છુ આવી વાત થયા બાદ ઘરેથી નીકળેલા અને હનુમાન મંદિર તરફ આવેલા રોડ તરફ ગયેલા અને તેની પાછળ હું પણ પોપટ મામાની પાછળ દોડીને ગયેલી અને મે જઈને જોયેલ તો પોપટ મામા રોડ ઉપર જયા હનુમાન દાદાનું મંદિર આવેલુ છે ત્યાં પડેલા હતા, તેઓ લોહી લુહાણ હાલતમાં પડેલા હતા અને તેમને ડાબા હાથના ખભાની બાજુ ઉપર ઘા વાગેલા હતા અને તેમના આંતરડા બહાર આવી ગયેલા હતા અને તે સમયે ત્યાં રેણુકાબેન ચતુરભાઈ પણ દોડીને આવી ગયેલા અને રેણુકાબેને તેમની સાડી કાઢીને પોપટ મામાના પેટ ઉપર બાંધેલ અને તે સમયે મે મારો પહેરેલ લાલ સમરકોટ કાઢીને પોપટ

સાહેદની સહી............................

મામાના પેટ પર બાંધેલો અને ત્યાં કનુભાઈ હરચંદજી વાઘેલા પણ આવી ગયેલા અને તેમણે તેમના મોબાઈલ ઉપરથી સગથાભાઈ દેસાઈને ફોન કરીને ત્યાં બોલાવેલા અને થોડીવાર પછી સગથાભાઈ દેસાઈ તેમની મો.સા. લઈને બનાવવાળી જગ્યાએ આવેલા અને કનુ મામાએ ફોન આપેલો સગથાભાઈને અને સગથાભાઈએ માવજીભાઈ દેસાઈને ફોન કરેલો અને પોપટ મામાને દવાખાને લઈ જવા ગાડી મંગાવેલી અને ત્યાં કેશાભાઈ મંગુભાઈ વાલ્મીકીની રીક્ષા આવી જતા પોપટ મામાને દવાખાને લઈ ગયેલા અને પોપટ મામા ગુજરી ગયા તે પહેલા રણજીત, રાહુલનું નામ બોલેલા. પોપટ મામા આ રણજીત અને રાહુલનું નામ બોલેલા ત્યારે હું હાજર હતી અને તેમણે આ બંન્નેનું નામ બોલતા સાંભળેલું. આ સિવાય બીજા કોઈનું નામ તેઓ બોલેલા નહી. આ પોપટ મામાને શું કારણથી મારવામાં આવ્યા તેનુ કોઈ કારણ અમને જાણવા મળેલ નથી. હું રણજીત કે રાહુલને ઓળખતી નથી. પોલીસે મારો જવાબ લીધેલો અને મારી પુછપરછ કરેલી.

**સરતપાસ પુરી.**

**<u>આરોપી ઉલટ તપાસ તરફે વિ.વ.શ્રી. આર.એન.ચૌધરી...</u>**

(૨) મારા માતાપિતા ખેતી કરે છે. મારુ ગામ દલવાડા છે. મારા માતા પિતા દલાવાડા મુકામે ખેતી કરે છે. એ વાત ખરી છે કે મારુ ગામ દલવાડા રાણપુરથી ૧૫–૨૦ કિ.મી. દૂર આવેલુ છે. અમો ત્રણ બહેનો છીએ મારે ભાઈ નથી. મારે પોપટ મામાને કોઈ સંતાન નથી પરંતુ કનુ મામાને બે દિકરીઓ અને એક દિકરો છે. મોબાઈલમાં રણજીતનું નામ આવતા અમોને ખબર પડેલી કે રણજીતનો ફોન આવેલ છે. મોબાઈલમાં ફકત રણજીત નામ લખેલુ હતું. એ વાત ખરી છે કે પોપટ મામા નીકળ્યાના ૧૫–૨૦ મીનીટ પછી કનુ મામા આવેલા. પોપટ મામા અને કનુમામાનું ઘર નજીક આવેલ છે. એ વાત ખરી

છે કે બનાવવાળી જગ્યાએ ગયેલા ત્યારે પોપટ મામા લોહી લુહાણ હાલતમાં પડેલા હતા. એ વાત ખરી છે કે અમે ગયા તે પહેલા ગામના માણસો આવેલા હતા. એ વાત ખરી છે કે પોપટ મામાની ઘરની આજુબાજુ બીજા ઘણા ઘરો આવેલા છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા પાકા રોડ પર હતી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની બાજુમાં શાળા આવેલી હતી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ભંગી લોકોનો મહોલ્લો આવેલો છે. એ વાત ખરી છે કે શાળાની સામે દશ થી પંદર ઘર આવેલા છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ જે લોકો ભેગા થયેલા તેઓ જોર જોરથી કહેતા હતા કે આમને જલ્દી દવાખાને લઈ જાઓ. એ વાત ખરી છે કે અમે ગયા ત્યારે રીક્ષા આવી ગઈ હતી. એ વાત ખરી છે કે રીક્ષામાં તરત જ બેસાડી દવાખાને લઈ ગયેલા. એ વાત ખરી છે કે બનાવની વાત અમોએ વાતોવાતથી જાણેલી. એ વાત ખરી છે કે અમોએ બનાવ નજરે જોયેલો નથી. એ વાત ખરી છે કે પોલીસ રૂબરૂના જવાબમાં ફોન રણજીતનો આવેલ છે તેવુ લખાવેલ છે પણ તેના પિતાનું નામ લખાવેલ નથી. એ વાત ખરી છે કે પોપટ મામાની પાછળ અમો દોડીને ગયેલ હોય તેવુ પોલીસ જવાબમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે જે જવાબ લખાવ્યો તે મારા કનુ મામાએ કહેલ તે મુજબ લખાવેલો. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ફરીયાદી મારા મામા થતા હોય તેમને સમર્થન કરવા સોગંધ પર ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી છે કે બનાવ વખતે હું મારા પિતાને ઘરે હતી.

**વિશેષ ઉલટતપાસ નથી.**
**ફેર તપાસ નથી.**

સાહેદની સહી............................

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૪-૦૫-૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી..............................